મનહર વાંણી.

પ્રથમ ભાગ

રચી પ્રસિદ્ધ કરનાર,
વ્યાસ દલસુખરામ દલપતરામ મોડાસાવાળા.
હાલ મુ. અમદાવાદ.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦.

અમદાવાદ:
મદનગોપાળની હવેલી નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં લલ્લુભાઈ
ઇશ્વરદાસ ત્રિવેદીએ છાપ્યું.

સંવત્ ૧૯૬૦. સને ૧૯૦૩.

કીંમત ૦-૨-૬.

શ્રી ગણપતિ સત્ય છે.

પ્રસ્તાવના.

દુનીયામાં મોહરૂપી દરદ દુઃખદાયક છે તે ધારણા ધારવાથી કામબાણને લાગુ પડેછે. એટલે મોટા વિદ્વતાવાળો પણ જ્ઞાન વિસારે છે માટે આડે રસ્તે ચડતાં પછી અટકી શકતો નથી. અને કામબાણ પણ બહુ કપરૂં છે. કારણે કે માનવીને મોહ-રૂપિ દરદ વળગ્યું કે તક તકાસી ટાંપી રહેલું કામબાણ કળકળાટ કરતું ખાસીરીતે ખબરદાર થઇ જાય છે. અને મોટા મહંત પુરૂષોને ભ્રમીત્ત કરનાર તેજ છે. માટે મો. ને મટાડવાને અને કામબાણને કાઢવાને આ લઘુ પુસ્તક મારી સાધારણ શક્તિ પ્રમાણે બનાવ્યું છે. તેમાં દરેક વર્ગના લોકો વાંચીને અમૂલ્ય લાભ લઇ શકે એવો મારો ખાસ અભીપ્રાય છે. માટે ભાઇ [illegible] મનરૂપી ઘોડાને વિચારરૂપિ લગામવડે વશ રખાય છે. તેમ [illegible] પુ-સ્તકમાં જ્ઞાનનો અંશ પસારેલો છે માટે પ્રવીણોએ લાભ લેવા આ ગ્રંથ ચુકશો નહિ. એજ અરજ.

મનોહર વાંણી.

શામાટે તું મૂઢ રહ્યો અલ્યું એ રાગ છે.

ચેત ચેતને અચેત પ્રાણી, સમજી લેને સત્ય વાંણી;
કાયા કુંભ કાચી માટી છે, મુવા પછી બધું ધુળ ધાણી.
હયાતિમાં હરિ ભજી લે, અંત્ત વખત આવશે કામે;
પૃથવીમાં પ્રખ્યાત થયા તે, તરિ ગયા તેના નાંમે
ભક્તીથી ભૂદર ભય ભાગે, આકીન જેને મંન વસ્યું.
સૂરતા લાગી શ્યાંમની સાથે, તે જનને દુઃખ નથી કસ્યું;
જુંઠો ઝગડો સૌજગતનો, માયા તેમાં મસ્તાની;
મંન બુદ્ધીનું નીચ્ય થયું કે, જીવ મોયો ત્યાં અગન્યાની;
માટે જુઠી ત્રસ્ના છોડી, ખરૂં ખલકમાં ખોળોને;
પ્રીત વધારો પ્રીતમ સાથે, નેહ નજર ત્યાં માંડો ને;
જીવ શીવ ' . નવ જાણો, પ્રાણુલાલ એ પ્રીતમજી;
ઘટમાં ' .ક ગટગટ બોલે, પરિબ્રહ્મ એ ત્રીકમજી;
તેને ' ા ખંત્ત જ રાખો, જોયે મરણુ મટી જશે;
' ; દેખી લ્યો દીલમાં, વાસ પછી વૈકુંઠ થશે.

મનહર.

ાહને ગાવામાટે, ચુંક તને ચાલી આવે;
ાાનંદ ભજવાને, ભમરીયું થાય છે;
માનંદ પરખવા, ટાઢીયો જ તાવ આવે;
ાંમજીને શીવતાં જ, શું તારૂં જાય છે;
ામના રટણુ સારૂં, કઠણુ જ કામ લાગે;
દોરી તારી તુટયા વિના, કાળ તને ખાય છે;
'હે દલસુખરામ, કેને હવે રામ નામ;

માયા માર ખવડાવે, તોયે તેને ચાય છે.

મનહર ૧. ગણપતિની સ્તુતિ.

શભૂં સૂંત ગણુપતિ, સદા આપો સનમતિ;
ટાળો આપદાને અતિ, એજ હું તો યાચ્છું છું;
તેત્રીશ કોટી દેવમાં, પુજાઓ પ્રથમ પેલા;
સાય થવા આવો વેલા, આપગુણ ગાઉ છું;
પ્રથમ હું પડું પાય, ગુણ ગાવા દીલ ચાય;
તમ પૂજા પેલી થાય, જોઇ ખુશી થાઉ છું;
કહે દલસુખરામ , આશ રાખું હું તમારિ;
માની લ્યો વિનતિ મારી, જીભે જોડી જાઉં છું;

સરસ્વતિ વિશે સ્તુતિ.

મનહર ૨.

સરસ્વતી માત મારી, પ્રેમથી મા મેં પોકારિ;
ગરીબની વાર ધારિ, આપ વેલાં આવોને.
પધારો મા પ્રેમ કરી, રહો મા સનમુખ ઠરિ;
ચાઉછું મા ચીત્ત ધરિ, હવે દયા લાવોને;
વારે વારે કરૂ સેવ, ટાળજ્યો કુડી કટેવ.
કરુણાથી કહો તમે, હવે દુઃખ જાઓને;
કહે દલસુખરામ, ધારૂં હું જે કામ કરો;
અનેક વીધન હરો, સાય હવે આઓને.

જીવને શીખામણ.

મનહર. ૩.

જન્મ ધરિ અરે જીવ, જીંદગી સફળ કર;
દેહનો ભરૂંસો નથી. તારી તલભાર નો;
અનાચક ઢળી જશે, માટી સાથે મળી જશે;
સીધો રસ્તો સોધી લેને, પ્રભુ દરબારનો.
નીતીથી તું કામ કર, હરિનું તું ધ્યાંન ધર;
ત્યાર પછી ભય નથી, તને જમ મારનો.
કહેછે દલસુખરામ, ભક્તીમાં ભળીને તું;
ગાઇ લેને ગુણ હવે, તું તો કીરતારનો.

મંન વિશે મનહર. ૪.

તુરંગના વેગ જેવું, મન હોય મનુષ્યનું;
જેમાં જીવ ચાલે ત્યાંજ, મન દોડી જાય છે;
શુભ કામે જો ગયું તો, તેમાં ઘણું સારૂં થાય.
ચોરી વીશે ચોટીયું તો, નર માર ખાય છે;
વીશયમાં વળગ્યું તો ફજેતીનો પાર નહિ.
છીનારીમાં 'છટક્યું' તો કામથી કૂટાય છે;
કહે દલસુખરામ, ભક્તીમાં ભળી ગયું તો;
જનમ્યે' જનુની પેટ, પ્રમાણ કહેવાય છે.

મનહર. ૫

દારાઓને દેખતામાં, કામ બાણ કેડે પડે;
મોટે જે મહંત હોય, પણ ભૂલી જાય છે;
કવી રેવાશંકરે, મનહર માળમાં;

અલ્પ મતિથી થોડુંજ, કેવા મન થાય છે;
ચક્ષુંથી ચતુર જોઇ, અંતરમાં જાય મોઇ;
ખાલી ફાંફાં મારવાને, વૃથા મન ચાય છે;
કહે દલસુખરાંમ, મેલી દેને કુંડ કામ;
ભજીલેને સીતારાંમ, તે વડે તરાય છે;

મનહર. ૬

અધિકારિ ઇંદ્રિ પણ, ભામનીમાં ભૂલ ખાધી;
અહલ્યા ગૌતમ નારિ, સંગ તેની સાથમાં;
લંક પતિ રાવણ તે, હર્ણ કરિ રાંમ નારિ;
ત્યારે થયો તે ખુવારી, હણ્યો રાંમ હાથમાં;
ગુરૂ પત્નીને ચંદ્ર તે, ભોળવીને ભૂલો પડયો;
ક્ષીણતાનો શ્રાપ મળ્યો, નારિ તણી વાતમાં;
કહે દલસુખરામ, પરનારિ પ્રીતી કરે;
કોક દીન ફસાવાથી, જાએ પ્રાણ ઘાતમાં;

મનહર. ૭

ચતુરાને ચીત્તમાં તું, ચાય છે મુરખ નર;
લંપટની વાતમાં તું, બીક નથી રાખતો;
ભ્રમણાથી ભૂલી તું, ફાંફાં મારે ફરિ ફરિ;
અથડાઇ મરિ તું, નારિમાં બળ દાખતો;
ફંદમાં ફુલીનિ તું તો, ભંમર પેઠે ભમીને;
પ્રપંચ કરીને તારૂં, કાયા બળ ભાગતો;
કહે દલસુખરામ, સીખ રેજે સાંભળીને;
કાંઓ મોહ કરવાથી, થયો ધુળ ફાકતો;

મનહર. ૮

પરાઇ જે પ્રેમદાની, પ્રિત કરે પ્રેમથી જે;
અંતે ખાસડાનો માર, તેની પુઠે થાય છે;
અંગમાં જે તત્વ તેને, નકામું નસાડી દેઈ;
જાણી જોઇ મુઢ તું, ધરે પડવા જાય છે;
અનેક વીધન તને, નડે છે નફટ નર;
તોય ફંદમાં ફસાવા, તારૂં મન ચાય છે;
દલસુખ વદે એતો, સુખ છે સ્વપના જેવું;
છતિ આંખે અંધ થઇ, ખાલી ગોથા ખાય છે;

મનહર. ૯

ભૂલી જાને ભ્રમણા તું, સંગને સોબત છોડ;
પરનારિ સૂળ ધુળ, જાણી ભજ રામને;
ભક્તિને વૈરાગ ધર શાંતિનો જમાવકર;
પુન્યમાં પ્રવીણ થવા, કાઢ તારા દામને;
કયાંથી આવ્યો કયાં જવું છે, સારંપ સોધીને જોને;
જન્મ મરણ મટવા, શેવ રૂડા રામને;
કહે દલસુખરામ. બતાવું ઠરવા ઠામ;
ખરી ચીજ ખોળી લેને, આવે તારા કામને;

મનહર. ૧૦

નામ દેતાં કામ થાય, પલકમાં પાપ જાય;
આળસ છાંડીને અલ્યા, રામ નામ ઝાલી લે;
મુક્તિનું જે ધામ તેના, ઠામ ઠરવાને માટે;
પ્રેમ કરી તુંતો હવે, પ્રભુને પોકારી લે;

અરે મન મુરખા તું. ફંદમાં ફસાય સીદ;
ધારણા ધારીને અરે, હરિને સંભાળી લે;
રટે વ્યાસ દલસુખ, સુણિને સમજ નર;
પરિબ્રહ્મ ભજવાની, હીંમત વધારી લે;

મનહર. ૧૧

જાગ્યરે જરૂર નર ભજન ભુલે છે સીદ;
શાંમજી સંભળવાને ઉંધને કિડાઠીદે;
ચેતીલે ચતુર નર, મારૂં તારૂં કરે સીદ;
ખોટી જે વૃત્તિયો તારિ, મૂળમાંથી બાળીદે;
છળ કપટ તજ, નિંદા ને કુથલી ને છોડ;
પ્રપંચ વિચાર તારા, તેને તુંતો કહાડીદે;
કહે દલસુખરાંમ, સીતારામ ભજવાને;
અનેક કટેવો તારી, વિચારિને ટાળીદે;

મનહર. ૧૨

મોઘી ચીજ મળી તને, મનખો મનુષ્ય તણી;
દેવતાને દુર્લભ છે, મનખા દેહ કાયા;
કાયાની હયાતી વડે, જીવતો કરે કલોલ;
ગર્ભમાં કહેલો બોલે, ભૂલી તું ધંધે ધાયા;
રાતદીન રળી રળી, કમાણી તો ભેગી કરી;
પેટીને પટારા ભરી. વાલી લાગી તે માયા;
દલસુખ વદે એમ, વીશય વિચાર વેમ;
ત્રણુની સંગત કરિ, જન્મ ખાલી ગુમાયા;

મનહર. ૧૩

પાખંડીના પુજે પાય, ઠગારાના ગુણગાય;

ધુતારાના ધક્કા ખાય, હાવભાવ આદરી;
પુન્યમાં ભરેના પગ, તેવે કામે થાય ઠગ;
દ્વોગી તેને ધન આપે, હામને હૈયે ધરિ;
પ્રપંચીની કરે પ્રિત, સત્યમાં રાખેના રીત;
નીચની સેવામાં નીત્ય, રહે ઠાઠ તે કરિ;
કહે દલસુખ વ્યાસ, રાખ્ય મન પ્રભુ પાસ;
તજી જા તરછટ આ, જાંણીલે જાવું મરિ;

મનહર. ૧૪

આળસને ઉંઘ નજ, હરીહર નીત્ય ભજ;
ગોવીંદના ગુણ ગાવા, ભજનમાં ભળને;
તન થકી રાખ ટેક, મન થકી માન એક;
રાંમ નાંમ જપવાને, હામ ઝટ ધરને;
મોટાની મહતા રાખ, લાખ ગયે રાખ્ય શાખ;
સત્ય સંગ સોધવાને, ઝટપટ ફરને;
કહે દલસુખરામ, સુધારાનાં કર્યાં કામ;
ચટપટ ચેતીને તું, મેર મુંવા કરને;

મનહર. ૧૫

મેલને પરાઇ વાત, માત ભ્રાત અને નાત;
કોઇ નહિં આવે સાથ, જાણવું જરૂર છે;
સુતદારા સગા તારા, આખરે એ રેશે ન્યારા;
માંદો પડે ભેગાં થાય, ચડયું જેમ પૂર છે;
રોતા પૂછે રળેલું એ, કહાડો કમાયલા દામ;
નાત મેળાવો તેડાવા, ખર્ચવામાં શૂર છે;

કહે દલસુખરામ, શીખામણ તું શુંણીલે;
દયા નથી દીલમાં તે, પાપે ભરપુર છે;

મનહર. ૧૬

મનખો મનુષ્ય પામી, ભુલી જાય ભગવાન;
અવતાર એળે જશે, તને ધીટકાર છે;
હુંનર વડે કરીને, કમાણી કમાયો પણ;
અનાચક કાળ આવી, તને ઝાલનાર છે;
મોતનાં નગારાં જ્યારે, માથે તારે વાગી રહ્યાં;
પછી માળા લઇ બેસે, કામ શું થનાર છે;
કહે દલસુખરામ, પહેલું તને સુઝયું નહિ;
તૈયારી જ્યાં તારી થઇ, ઉચકનારા ચાર છે;

મનહર. ૧૭

રામો રામો બોલશે ને, આગળ કરશે તને;
સગાં વાલાં સર્વે મળી સ્મશાને જનાર છે;
પડે તારી પોકા પોક, લોક આવે થોકા થોક;
નારી તારી નવી બની, ચુડો ભાગનાર છે;
ચીતામાં બાળીને તને, ખાખ જેવો કરી નાંખી;
લોક લાજે રડવાને, પોકો પડનાર છે;
કહે દલસુખરામ, જોતા હશો ઝાઝા નર;
વરસ વીતી ગયું કે, વીસરી જનાર છે;

મનહર. ૧૮

લાકડાંની ચીતા કરી, નવરાવીને સુવાડી;
પ્રદક્ષણા તારી ફુરે, ફરસે તારા સગા;

કાષ્ટ સળગેલાં લેઇ, નાસને પ્રાણીઆ કહી;
અગ્ની મૂંખ મુકવાને, આવશે તારી જગા;
પછી ચીતા સળગાવી, બાળીમુકે તને તેતો;
ખોરી ખોરી બાળે તને, ચીતાવિશે ચોમગા;
કહે દલસુખરામ, સગાં તારાં શોક ધરે;
માબાપાં રડતાં બોલે, બેટાએ દીધા દગા:

મનહર. ૧૯

બાપ કેરો બેટા મારો, દગો દેઇ નાશી ગયો:
નારી કેરો નાવલે, રઝળતી મને કરી;
છોકરાં કે બાપે મારે, દેવું મેલ્યું દશ ઘણું;
ઘરમાં તો ઘંટા વાગે જવાના બધા મરી;
મા કહે છૈયાં સૌ છાનાં રહો છંછણાટ મેલો;
હું સૌનાં પેટ ભરીશ હવે દરણાં દરી;
કહે દલસુખરામ, રાંડયા પછી રાંડ રળે;
તેથી મજૂરીને માટે, ડરતી નથી જરી;

પદ ૧.

રાગ પરભાતીયાનો.

ચેતજે ચતુર તું, ઊઠીને આળસ છોડ
પ્રભુતણા ગુણ તું, પ્રેમગાને;
મનતણા મનસુબા, મેલને તું પરા
વિમાળ વાણીવડે, સમજી જાને. ચેતજે૦ ૧
તું અલ્યા કોણ ને, ક્યાં થકી આવીયો;
જાંણી લે જકતમાં, શું છે મોહું,

ખલકની ખરી ચીજ, રામને ધારજે;
શુધ્ય સમજ્યા વિના, સરવે ખોટું. ચેતજે૦ ૨
પ્રભુપદ પામવા, હામ હૈયે ધરિ;
જાપ જપવા તેનો, કબુલ થાને;
ગાને તું ગીરીવર, મનમાં માનીને;
રામ નામ લાડવા, ભાવે ખાને. ચેતજે૦ ૩
સાહી લે સીદ્ધો પંથ, પાંશરો પ્રેમે રહી;
નરહરિલાલને, સર્વું થાને;
કે છે દલસુખ આ, શીખ માની હવે;
નિતિથી ચાલીને, ગુણ ગાને. ચેતજે૦ ૪

ઇંદ્રવિજય છંદ ૧.

ગાઇ લે ઓ જીવ ગોવીંદ ગુણને;
એ તારે અંત્યે આવશે કામે; ૧
અહલ્યાની સલ્યા સ્પર્શથી ટળીને;
ઓધાર થયો હરિવર નામે; ૨
સંકટ સેવી ભજન નવ ભૂલ્યા;
અર્ઘપાત્ર મળ્યું અગસ્ત ધામે; ૩
કે દલસુંખ સતિને રંજાડી તો;
કૈયો મરાયો નીશાળના ઠાંમે; ૪

ઇંદ્રવિજય છંદ ૨.

ખરૂં કલાથી જ, ખાર જે આણે તો;
એવાતો જનને, મૂર્ખ પ્રમાણો;
જપ તપ દાન, સંખ્યાને સેવાજે;

ભાવે કરે તેતો, સપુત જાણો;
ક્રોધ તજી કોઇ, સદ્‌ગુણ સોધે;
નક્કી તેને તો, સમજવો શાણો;
દલસુખ કે જેને, દયા છે વાલી;
પ્રેમ કરિ તેને, પ્રિત્યે વખાણો.

મનહર. ૨૦

હોય નફ્ફટ નાદાન, વળી હોયે બે ઇમાન:
તેને થાય નુકશાન, સત્યનો તો જય છે;
દગોને પ્રપંચ કરી, પરાયાના પ્રાણ હરિ;
જર એકઠું કરે તો, પાપનો તો ક્ષય છે,
ધર્મને જે રાખી જાણે, હરિને અંતર આણે;
જુઠું બોલવામાં તેને, પ્રભુ તણો ભય છે;
કહે દલસુખરામ, પૃથવીમાં પૂરી રીતે;
પરિણામે પાછળથી, સર્વેત્રનો લય છે;

મનહર. ૨૧

પ્રભુનો મૂકેલો રોગ.

સત્ય સમજીને જે, રૂડી રીતે ચાલે તેને;
અનેક પ્રકારે એને, આંચ અળતી નથી;
મોટાંનો મેળાપ કરી, સમાગમ સોધે સારો;
પડેલી કટેવ જેને, ટાળી ટળતી નથી;
નિમીતની વાતમાં જે, ખાળવાને ખેલ કરે;
માથું કુટી મથી મરે, ખાળી ખળતી નથી;

કહે દલસુખરામ, આમો ગામ ગાયા શ્યાંમ;
ભુંડું મારૂ ભાગ્ય છે તે, લક્ષ્મી મળતી નથીં;

મનહર. ૨૨

ફરિફરિ ટાંટીઆજ, ટીચાયા કરોડવાર;
લોભની લાલચે મને, જંપ પડતો નથી;
ગામોગામ ઠામોઠામ. રખડયો રાખીને હામ;
ભાગ્યની રેખા જે મારી, ફેરિ ફરતી નથી;
લક્ષ્મી લેવાને કાજે, દીવાઓ કરીને મથ્યો;
થાકીને ઠેકાણે આવે, ધીર વળતી નથી;
કહે દલસુખદામ, કરમ કઠણ તેથી;
ખલક ખોળીને થાકયો, તોય જડતાં નથી;

મનહર. ૨૩

ઉદયમ કરૂંછું ત્યારે, લણુતામાં લાય લાગે;
મથી મરે ભેગું કરે, થોડું નાણું થાયછે;
બેસતામાં માન મળે, પ્રભુંના પ્રતાપ વડે;
અધવચ આવું ત્યારે, વિઘ્ન વિવાય છે;
કરમનો નથી વાંક, મારેલી વીધીએ ટાંક;
વળી પાછી કથા બીજી, થડમાં ગવાય છે;
કે દલસુખરામ, પુરણ પરવારી રહું;
ગમ રાખી ગણું તો, પરાંણે પુરૂં થાય છે.

મનહર. ૨૪

દોઢ માસ કથા કરિ, લખણી રૂપિઆ તેર;
બીજી મતા બરોબર, બાર રૂપિઆ થઈ છે;

લખણીમાં અગીઆર, રખડીને લેઇ લીધા;
આઠ પાંવલાંજ બાકી, ઉધરાણી રહી છે;
માગું ત્યારે મુર્ખા જેવા, વાયદાના વીલા પડે;
ઢીલા થઇ બોલ કાડે, બુદ્ધી બરિ ગઈ છે;
કહે દલસુખરામ, ફરી ફરી થાક્યો ત્યારે;
લોક કેછે લેવા આવ્યા, કોની કને જેઇ છે;

મનહર. ૨૫

ઉંધી બુદ્ધીનો આદમી, લવરી લવીને ઘણી;
બકવા ખોર બોલીને; બુદ્ધી દરશાવતો;
ઢંગવનો ઢોર જેવો, ખરિવાતે ખાર લાવી;
એનો મત એને ભાવ્યો, ઝટ તે જણાવતો;
સામો સુભ વાત કહે, પણ તેતો નવ લહે;
ઠાલો ડોળ દેખાડી, નકામો બોલ કાડતો;
દલસુખ વદે એમ, મતિવનો માને કેમ;
ગતિવનો ગમાર એ, હઠ નથી હારતો;

છપ્પો. ૧

મતિ વિનાને શીખ, દીધાથી લાગે ખોટી;
બકશે ઝાઝા બોલ, ઉડતો પડશે ચોટી;
તરફોડા કરે તરત, છીનકીનો છણકા કરતો;
એના લાભની વાત; તોય સામાને લડતો;
ખરિવાતમાં ખાર એ, લાવે મુરખ વસમો;
દલસુખ કે શીખ દેતાં લડે, મુરખ ગણવો દસમો;

આવા માણસનો વિશ્વાસ ન રાખવા વીશે.

મનહર. ૨૬

સૌઉ કામે સાવચેત, રહે સ્વારથમાં સુરો;
પ્રપંચમાં પુરે પુરો, હરામી તે ફરશે;
છેતરીને છરિ મુકે, લાગ આવે નવ ચુકે;
પરાયું પોતાનું કરિ, સાંમી છાતી લડશે;
અવરનું બરૂં તાકી, કોઈનાથી નવ થાકી
ગાંમનો ગધેડો એતો, અનેકને નડશે;
દલસુખ વદે વાંણી, પછી એનું ધુળધાંણી;
મંદવાડ લાંબો લઈ, રીબી રીબી મરશે;

મનહર. ૨૭

સુદરિના અંગ સારૂં, કેક નર કેડે ફરે;
કૈંક તો દારાને દેખી, દીલમાં દુભાય છે;
કૈંક તો કામની સંગ, રાતદીન રંગે રમે;
કૈક તો નારિને માટે, વાત સુણી વ્હાય છે;
કૈક પ્રેમદાને માટે, બાપનું રળેલું ખુવે;
કૈક નર ધંધો મેલી, કામથી કુટાય છે;
કહે દલસુખરામ, કારણ કેવાનું નથી;
તારૂણીનું તંન જોઇ, વાશના વિટાય છે;
પડયો રહે દીન રાત, સુખ લેવું ધારવાં;

મનહર. ૨૮

ભોગ થકી રોગ થાય, પણ દોડી દોડી જાય;
કામ થકી તે કુટાય, ખાંજરમાં માંલવા;
જુવે નહિ જાત ભાત, માંહે જઇ કરે વાત;

પૈસાની ત્યાં પુરી ધાત, ન હોય તો પડે લાત;
બ્હાર જાતું કમજાત, ધપ્પા થાય મારવા;
કહે દલસુખ વ્યાસ, અંતે એમાં નીરાસ;
થાય તોય ઠેકાણામાં, ભરેણુ ચાલવા;

મનહર. ૨૯

મન જેનું એવું અને, લાકડાનું પોલું તેતો;
સંગ કર્યાવિના તેને, સાર જડતો નથી;
ઉંચામાં ઉંચો જે તાડ, લંબાણુ એનુંછે ઝાડ;
નીચમાં ખપ્યો છે માટે, વાળ્યો વળતો નથી;
મારવાનું મન ધારિ, સંગ્રામે સુરો કહીએ;
ખાળવાને ખાળો પણ. ખાળ્યો ખળતો નથી;
કહે દલસુખરામ, ચુનેથી ચણેલો માળ;
ધક્કેથી ધક્કે લે તોય, પાડ્યો પડતો નથી;

મનહર. ૩૦

પ્રેમી તેને પુન્યવાલું, દાતાર દેખીને રીઝે;
કપટ ભરેલા તેને, કાળ કુંટી ખાયછે;
રૂડી રીતે ચાલનારા, પુરૂષ પ્રવીણ હોય;
સોબત કરે જો તેની, સારાં ફળ થાયછે;
સક્કરમીનું સુંમાર્ગ, વપરાય સારી રીતે;
અક્કરમીનું દ્રવ્ય તે, આડે રસ્તે જાયછે;
કહે દલસુખરામ, કરી લ્યોને રૂડાં કામ;
તેના વડે આબરૂની. રીતમાં રહેવાય છે;

મનહર. ૩૧

ડાપણુને ડોળી ડોળી, એ નારી હરામી ભુંડી;
અંતરની વાત ઉંડી, જણાવાની આશ છે;
પતિને રંજાડી મારે, સાસુ તણાં છીદ્ર કાડે;
ધણીને ઠેકાણે પાડે, તેને કાગવાશ છે;
કુળ સામુ નવ જુવે, પરિયાનું પાણી ખુવે,
રખડીને રોતી રેશે, પછી એનો નાસ છે;
કહે દલસુખરામ, સાંભળોને ચીત્ત ધરિ;
જુતિઆ ખાવાની એને, જમડાની પાસ છે;

મનહર. ૩૨

પ્રેમવડે પુન્ય કરે, તેને રોકવાને જાય;
જાણવું જરૂર તેને, માનવી નફ્ટ છે;
સ્નેહ વડે પ્રેમ બાંધે, દોસ્તી કરી દોદો નમે;
આધા પાછા પગભરે, એને તો કપટ છે;
પુરૂષનું પરિબળ, ખેચનારી ખોળી જડી;
કાંત્તા કોમળ દીઠી, ચાલતી ચપટ છે;
દલસુખ કેછે બીહી, શીકારના સામું જોઈ;
ઊંદરને ઝાલવાને, મારવા ઝપટ છે;

મનહર. ૩૩

કામ કરવાને માટે, પારકી જે આશ રાખે;
તે ધણીના કામમાં તો, અંતેજ નીરાશ છે;
વિશ્વ રચ્યું છે જેણે, વિશંભર કહીએ તેને;
આખી શ્રષ્ટિમાં એનો, કેવોજ પ્રકાશ છે;

એ ધણીની આશ રાખે, નીરાશ થવાનું નથી;
કારણ કે જગદોરી, એ ધણીના પાસ છે;
કહે વ્યાસ દલસુખ, નમું છુ હું નાથ તને;
આપની અધીક મારે, રાખવાની આશ છે;

મનહર. ૩૪

વાલાજી વિસારૂં નહિ, ઘરઘડી હું તો તને;
દયા ધરિ તમે મને, મતિ રૂડી આપજો;
દીનતાને દયા મુકો, માફ કરો ભૂલ્યો ચુક્યો;
ક્રોધને કંકાસ મારો, દીલમાંહે કાપજો;
ભક્તિને વૈરાગ આપો, વિકાર મનનો ટાળી;
સદગુણ ને શાંતી, શરીર વીશે થાપજો;
કે વ્યાસ દલસુખ, વેગળા રેશો નહિ જરા;
કૃપાનાથ કૃપાકરિ, નીતિથી ચલાવજો;

કવીત. ૧

આપવિના બળ નહિ, મેઘ વિના જળ નહિ;
ખાધા વિના બળ નહિ, રતુ વિના ફળ નહી;
મુરખને સાન નહિ, સ્વારથને ભાન નહિ;
સત્તમાં તો જુઠ નહિ, જુઠામાં તો સત્ત નહિ;
કસાઇને દયા નહિ, આભને તો ટેકા નહિ;
ખરી વાતે ખાર નહિ, પેઠેલામાં પાળ નહિ;
કહે છે દલસુખરામ, અંત્ત બારજનાંમ;
તપાસી તરત કહ્યાં, માની લ્યોને ભાઇ ભાઇ;

મનહર. ૩૫

પાટને પુજાઓ કરે, સમાધી સધળી ધરે,

નિત્યનો નીયમ કરે, સત્ય તણા સંગથી;
ગંગાએ નાવાને જાય, ઘટમાં જાદવરાય;
નિયમને નવ ભુલે, પોતાના ઉમંગથી,
જપ તપ દાન કરે, પરમાર્થ કામે ફરે;
તીરથ જાત્રાઓ કરે, ખરેખરા ઢંગથી;
કેહે છે દલસુખરાંમ, નારીઓ નિરખીને;
આવા અનેક ભુલ્યા, કામદેવ સંગથી;

મનહર. ૩૬

ગુણ ઘાટ મળે નહી, રૂપ રંગ હોય શાનું;
દેખીતું દકાર જેવું, વાંસે તેની ધાયછે;
ચાંબડાના તુરંગથી, મનનો ઉધામો કરિ;
લાંબા ટુંકા પગ ભરિ, હૈયે હરખાય છે;
બાપનું બોળવા બેઠો, આબરૂમાં આગ મેલી;
કોક દીને ફસાવાથી, જાનથી તે જાયછે;
કહે દલસુખરામ, પારકીથી પ્રીતી કરે;
ભુંડ જેવો ભામીને તે, છેવટે પસ્તાય છે;

મનહર. ૩૭

ભજતું ગોવીંદ ભાવે, દાન દેઈ દયારાખ;
એવડે તો પાપ તજી, મૂળ પદ મળશે;
ઇશને નમાવી શીશ, શીસ તારિ કાડ પરિ;
શુદ્ધ તારૂ મન રાખે, પ્રભુ પ્યાર ભળશે;
મેલી દે માયા વિસારી, નકામી એતો નાદારી;
બચવાની મળે બારિ, ટેક રાખે ટળશે;

કહે દલસુખરામ, ભજનમાં રાખ હામ;
જાણુજે જરૂર કાયા, અનાચક ઢળશે;

મનહર. ૩૮

જન્મ્યા પેલું સાટુ સાચું, કહ્યું તું તે સ્યામ સાથે:
નાથ તને નહિ ભુલું, હુતો જીવતા લગી;
બોલેલું તું જુઠો પડયો, વાટ વાંકી તુતો ચડયો;
ફાંકડો થઇને ફુલ્લો, તારૂણી તેજે તગી;
વારેલીનું પુરૂ સુખ, દેખીને ઉમંગ થાય;
ભોગવીને હામ તારિ, ભીંતરનીજ ભગી;
કહે દલસુખરામ, અવતાર એળે કાડી;
માયા વડે મુરખનું, મન ગયુંજ ડગી;

મનહર. ૩૯

પ્રભુને ભજ્યા વિના કામ કયાંથી થાય તારૂ;
કારણ કે ખાધાવિના ભૂખ ભાગતિ નથી;
જમવાને બેઠા કદી, ભાઇ ભાંડુ બેન સાથે;
માગ્યા વિના માડી પણ કાંઇ આપતી નથી;
નાગર વેલનો છોડ, રોપે કોઇ શોભા સારૂ;
આધાર વીનાજ વેલ, ઉચી ચડતી નથી;
કહે દલસુખરામ, કપટનું કરે જે કામ;
આત્માની ઓળખાણ, એને પડતી નથી;

મનહર. ૪૦

મનનો મરોડ છોડ, પ્રભુ સાથે પ્રીતી જોડ;
આસન વાળીને તેને, અંતર ઉતારી લે;

સ્વામજીના સ્વરૂપને, નૈણે કરિ નીરખીને;
દીલરાખી જાપ જપી; મતિ તું સુધારિ લે;
જંપ કરિ સંપ તુતો, રાખ્યને ભુદર સાથે;
હવે તેતો હદવાળી, અરે એ વિચારી લે;
કહે દલશુખરામ શીખ મારી સાંભળીને;
વારે વારે વીશ્વપતિ, ધારણાથી ધારીલે;

મનહર. ૪૧

અરે મૂઢ માનવી તું, ગાને તુંતો ગીરધારી;
પ્રભુતણા નામને તુ, પ્રેમથી પોકારજે;
ગીરીવર ધારિ તેનો, ગુણગાતાં પાર નહિ;
ખરેખર કુસંગનો, સંગ તુતો ટાળજે;
પ્રભુને રીઝાવવાને, લોભને તું રાખ્ય ઘણો;
નામદેતાં રોકે તેને, હાથ ઝાલી વારજે;
કે દલસુખ બ્યાસ, સુખ દુઃખ સહન કરિ;
હરિને સંભારવાની, હોશ તુ વધારજે;

મનહર. ૪૨

જન્મ્યો જનુંની પેટ. વગોવી માતાની કુખ;
ધાશકથી ઉધો ચાલી, લુટી ધન આપતો;
ખલકની ખરિચીજ, ખોળવાને લાગ્યો નહિ;
પુંઠળ પોગળ તારૂ, રાખ્યો નહિ જાપતો;
શુક્રીત કરવા માટે, મનુષ્યનો દેહ દીયો;
પ્રભુને વિસાર્યા તેથી, ખોયુ તારૂ માપતો;
કહે દલસુખરામ ત્યાંનું એને તેડું આવે;
નાસવાનું કરે પણ, લાગ નથી ફાવતો;

મનહર. ૪૩

સંગ એવો રંગ તને; લાગશે જરૂર ઝટ
હૈયામાં તુ હામ રાખી; સંગ સારો કરજે;
ભાવ કરિ પુન્યમાં તું, પ્રેમધરિ પ્રીત બાંધ;
ધર્મનાં કામ કરવા; ટેક તારો ધરજે;
નાતને જમાડે તું તો, ખાધાની શરમ થકી;
પણવણ ઓળખ્યાનું, પેટ પુરૂ ભરજે;
કહે વ્યાસ દલસુખ; સુણીલે સુઘડનર;
સંત અને મહંતના; કામવીશે ફરજે;

મનહર. ૪૪

ચતુરાની ચાલાખીને, ચેતીલે ચતુર કોઇ;
પછી ચોકસ ચીતથી; રેશે કોઇ માનવી;
પણ ખસીને ખરાબ; ધાર્યું કરે કામ નાર
ભારજાથી ભુલ ખાધી; દેવ અને દાનવી;
કોઈ કેશે ચોકી મૂકી; ચોકસ મે નાર કેડે;
તેથી પ્રતિવ્રત રહ્યું, બોલે એમ રાનવી;
કહે દલસુખરામ, નારી રેશે આપથીજ;
કોઇ કેશે ડરે રહી; ઓછી મતિ જાણવી;

મનહર. ૪૫

સુદરી સરમવની, વંઠેલ કોઇ વેણુ કે;
બેનપણી બગાડે એ, ભમતિ એ ભૂતડી;
કુળને કલંગ લાવે, ફરે પોતે મન ભાવે;
નધરીને નબળી એ, નાદાનીમાં ઉતરી;

સેજવાતે સાંમી થાય, પાડોશી સુખે દુભાય;
લડાઇમાં રાજી રહે, નક્રામી એ કુતરી;
કહે દલસુખરાંમ, કુંભારજા ભારજા એ;
ગાંમની ગધેડી એ, વલોણામાં મુતરી;

મનહર. ૪૬

પ્રેમદા પારસમણી, રામા રત્ન ખાંણ ગણિ;
અંગપર સણગાર, ધરિને સોહાવતી;
અબળાની ઉડી વાત, નવ જાણે માત ભ્રાત;
કાંત્તી તો કોમળ એની, ભ્રાંતિજ ભમાવતિ;
મનનો મરમ એનો, જાંણવો કઠણ ભાઇ;
ખેલાડું તે ખુશી કરી, નરણે નચાવતી;
કહે દલસુખરાંમ, સોંમાં તો સપુત એક;
કંથનું કહ્યું કરીને, દીવસ નભાવતિ;

મનહર. ૪૭

કેટલીવાર ત્રીયાને, તુચ્છ ગણી ઘણીવાર;
જોતામાં તો ઝેર ચડી, ભ્રાંતિજ ભમાય છે;
ચીતથકી ચતુરાને, ચાતા નથી કોવાર;
પણ દારને દેખીને, ડાપણ મૂકાય છે;
નાજુગ નારિજ હોય, રૂપમાં બાકીજ નોય;
તેવીજ તારૂણી જોઇ, જીવ ઝપટાય છે;
કહે દલસુખરાંમ, મન જાય જાવા દેવું;
નક્રી અંગ વશ રાખે, તારૂણી તજાય છે;

મનહર. ૪૮

તનમાં તણાયો તેથી, છાતીયો છણાઇ તારી;
પરનારી લાગી સારી, તને તારા પ્યારમાં
તેણી તું નરમ થયો, પૈસે પરવારી રહ્યો;
જગમાં જણાઇ ગયો, જાર તણા જારમાં;
માટે ભુડા મુકીદેને, હવે તારે ધર્મે રેને;
રાખ રાખ રાખ મંન, પ્રભુ કીરતારમાં;
કહે દલસુખરાંમ, તેનું તું તો ધ્યાન ધર;
ચીત્ત તારૂં ચોખું કર, રહી તારા ભારમાં;

મનહર. ૪૯

જાણી લે જરૂર હવે, પરાઇની પ્રીત મુક;
સંગ તેનો કરવાથી, સુકીત્ત હણાય છે;
વળી વીરા વિશ્વતણી, કેણી તો કરમ રહે;
દેખે એવું લોક કહે, વાત વધી જાય છે;
માટે તારૂં વાર ચીત્ત, કરી લે પ્રભુની પ્રીત;
રીતમાં રહેવા થકી, સુખ સારૂં થાય છે;
કહે દલસુખરાંમ, વિચારી લ્યો વીરા મારા;
હરિના ભજનવડે, પાપ પુરાં જાય છે;

મનહર. ૫૦

મુક જાર નથી સાર, વિભીચાર વિશે ભાઇ;
ખુવાર થવાતું ખરૂં, જરૂર તુ જાંણજે;
જવાની જરૂર લાજ, બુરામાં બુરૂં એ કાજ;
ભાર બોજ ઘટવાનું, મંન તું પ્રમાંણ જે;

વિસવાસ વિલો થાય, પતિયાર પુરો જાય;
આભ જેવું આળ એજ, વિભીચાર જાંણુજે;
કહે દલસુખરાં, વિભીચાર મુક્ય કામ;
હરિહર ભજવાને, હેત મન આંણુજે;

મનહર. ૫૧

સુભ નર પરદારા, સંગ કરિ ચાહ નહિ;
ભંમર ભોરંગ પણ, ડસીને જોતો નથી;
માંખ ને મંકોડો તે તો, ગળી વસ્તુ બાજીપડે
તેવી વસ્તુ ઝાલેલી, મુરખ મુકતો નથી;
ખોળીયેથી મનુષ્યનો, જીવ ઝટ ખસી ગયો;
ઢંઢોળીને હાક મારો, પણ બોલતો નથી;
કહે દલસુખરાંમ હસનો ચારો જે હોય;
કાગડાની દ્રષ્ટી પડે, પણ ચરતો નથી;

મનહર. ૫૨

ત્રીકમની સાથે ટેક, તંન વિશે તું તો રાખી;
સત્યનું વચન ભાંખી, ઝાલ સત્ય કામને;
મંનરૂપી માંકડાને, વિચારિને વશ રાખ;
આકીન રાખીને હવે, ભજ સીતારાંમને;
જગતની જુઠી માયા, જાણી લે જરૂર તું;
દ્રડ મનમાં કરીને મુક્ય તું તમામને;
કહે દલસુખરાંમ, સાચું છે હરિનું નામ;
ખરૂં તત્વ ખોળી લેને, આવે તારા કામને;

મનહર. ૫૩

યાદકર યાદકર વ્હાલા જે વીઠ્ઠલવર;

સ્વાધીન થઈ અલો, શુભ સેવા કરવી;
ભુંડા તું ભુલીશ નહી, ખરી વાત ખોળી કહી;
માની લેને મનમાંહી, પુરી પ્રીત ધરવી;
જવાનું ખાલીજ હાથ, પુન્ય પાપ આવે સાથ;
તિર્થમાં સ્નાન કરવા, દેહને ડબોળવી;
કહે દલસુખરાંમ, ભજનમાં ભળી જઈ;
દીલથી દોસ્તી કરી, પ્રિત્ત નવ તોડવી;

પરભાતીયાનો રાગ. પદ ॥ ૨ ॥

જાણી લે જીવડા, રીત રાખી હવે;
શું રહ્યો મારાને, તુ તો મોહી;
દીનપર દીન જાય, વિચાર તને નવ થાય;
શાંમની સેવા તે, સરવે ખોઇ. જાંણીલે ૧
પણ હવે પ્રેમથી, ગાને ગોવીંદ ગુણ;
ડાપણ દીલમાં, રાખી કરજે;
તે થકી જમનો ભય તને ભાગશે.
શાંત્તપણું રાખીને, ટેક ધરજે જાંણીલે ૨
દાનને દીનતા, રાખ્યને મન થકી;
એ વડે પાપ તો, તારૂં જાશે;
પુન્યથી પાપ તો, જાય છે સર્વનું;
એકર્યે તુંજને, સુખ થાશે. જાંણીલે ૩
દુંલભ મનુંષ્ય દેહ, જાંણજે નીશ્ચય તું;
નારાયણ નામને, હેતે ગાવું;
કહેછે દલસુખ, સમજીને સાર આ;

નીશ્ચય માની હવે, કબુલ થાવું. જાંણીલે ૪

પદ. ૩ રાગ. પરભાતીયાનો.

માનને માનવી, તંનમાં ત્રીભુવન;
જાંણીલે જક્તનો, નાથ એને;
હરનીશ હરવખત, હરઘડી યાદ કર;
ટેક તારો રાખો, તું તો તેને. માનને ૧
સૃષ્ટીનો પાળનાર, કષ્ટિનો ટાળનાર;
ભુલીશ નહિ તેને તું, પામર પ્રાણી;
ચૌદ બ્રહ્મમાંડમાં, વ્યાપક છે વીઠલવર;
દ્રડ મનથી કરી, લેજે જાણી. માનને ૨
ભળીજા ભક્તીમાં, ચીત્ત ચોખું કરી;
એ વિના શ્રષ્ટીમાં, સરવે ટાલું;
હમના મમતા, મુકી દે મતતણી;
પ્રેમથી હરિનામ જાંણ વાલું. માનને ૩
સુતદારા સગા, આળ પંપાળ છે;
મોહ માયા હવે, દેને ટાળી;
કે છે દલસુંખ આ પ્રભુ પેરણા થકી;
ગાઈને ગાઇ લે, વંન માળી. માનને ૪

મનહર. ૫૪.

રૂડીરીતે પૂરીપ્રીતે, એકચીત્તે દયાં ધર;
કાળચક્ર કોપી ઉઠે, ગયા ઝક મારીને.
ત્રષ્ણામાં તરસ્યો રહી, ધનથી ધરાતો નથી;
લોભની લલુતાવડે, રજ્યો ધીર ધારિને.

સાંચી સાંચી સંઘર્યું ને, વાપરવા રહ્યો નહિ:
કેડે તારિ પોક પડી, ગયો જગ હારિને.
કહે દલસુખ રામ, રામનામ રૂડું ઠામ;
ભોગવે તે ભાગ્યવાન, જોઇલે વિચારિને.

મનહર. ૫૫

બોલ સુણી તોલ કરે, બુદ્ધિમાં બરોબર એ;
હિરાની પરિક્ષા તેતો, ઝવેરી જ જાણશે.
ઢીકરિ પરખનાર, કિંમત કરિશું જાણે;
બેરા પાસે શંખ ફુંકે, હાડકાં પ્રમાણ શે.
જ્ઞાનીની પરિક્ષા તેતો, જ્ઞાની હોય તેજ જાણે;
અક્કલ વિનાનો કદી, મનવડે માનશે.
કહે દલસુખ રામ, બિન અનુભવી પાસે;
હુંનર બતાવો તોય, કહો એ વખાણશે.

નિંધા કરનારને શીખામણ.

મનહર. ૫૬.

ઝેરીલાને ઝેર ઝાઝું, અદેખાઇ કરે ઝાઝી;
કુંમલી કરીને એતો, પાપે પેટ ભરતો.
બોલે એને બંધ નહિ, સ્વારથમાં સાવચેત;
ભુંડ જેવો ભમરારો, ખરૂં ખોટું કર તો.
બેલજેવો આદમી એ, બીજાનું બગાડે રાજી;
ચાડીમાં ચમારજેવો, જરા નથી ડરતો.
કહે દલસુખરામ, પોગળ પુરૂં કરૂંછું;

લવંતો લખાડજેવો, કેમ નથી ટળતો.

મનહર ૫૭.

માની લે વચન હવે, કુથલી કરીશ નહિ;
ડંકડ ડ ફોળ અલ્યા, વાત આ વીચારી લે.
હીજડાની હારના તું, સાર આ સમજ હવે;
નીંદ્યાઓ નખોદ મૂકી, મતી તું સૂધારિ લે.
જઇશ ઝખ મારતો, ખાસડાં ખઇશ ખુબ;
અરે ઓ ઊંધીમતિના, પ્રભુને પોકારી લે.
કહે દલસુખરામ, નિંદ્યા કરે નર્કે પડે;
માટે એવી બીક રાખી, હરિગુણ ગાઇ લે.

શેઠને ગુમાસ્તા વિષે.

મનહર. ૫૮

ગાયનો દીયર કોઇ, ગાંમડાનો ગતિધનો;
મતિ વિનાનો માનવી તે, નોકરને નડતે;
પાંણીમાંના પોરા કાડે, પૈડયું તોયે વાંધા પાડે;
વાંકતો અનેક લાવી, મુઢ જેવો લડતો;
નોકરી કરવાવાળો, ઉચ્ચનું ફરજ તેથી;
શેઠનું સારૂ તાકીને, શુભ કામ કરતો;
કહે દલસુખરાંમ, નઠોર કઠોર શેઠ;
નિતિને નસાડે માટે, કેમ નથી ટળતો;

મનહર. ૫૯.

રીતીમાં રેતો નથી, નિતિમાંથી નાશી જાય;

લવરીનાં લઉંવાંજ, ખુબ શેઠ ભરતો.
ઊંટજેવો આદમી એ, નફ્ટ કપટ શેઠ;
ભૂરકી ભારે નાંખીને. રોજ પુઠે પડતો.
ડોબાજેવું ડીલ ધાલી, પાડાજેવો પડયો રહે;
લાંઠને લંપટ એજ, ફાવે એમ બકતો.
કહે દલસુખરામ, ઝગડો જરૂર જોઇ;
મનનો સંદેહ ખોઇ, પૂરો કર્યો નકતો.

નોકરને શીખામણ સારૂં

મનહર ૬૦.

પરસ્વાધીન સૂખ તો, જાણવું જરૂર નહિ;
કોકદીન નોકરીમાં, દીલગીર થાયછે.
જંપીને જરૂર તેને, બેસવાનું બને ક્યાંથી;
ભોગજોગે બેસે ત્યારે, સાદ પાડે ધાયછે.
ચોતરફ ચીંત્તા વડે, સૂકાય શરીર તેનું;
ભૂલે ચૂકે ભૂલ આવે, દીલજ દુભાય છે.
કહે દલસુખરામ, નોકરીનુ ન્યારૂં કામ,
દુઃખથી ડરે નહિં તો, રળ્યું સુખે ખાય છે.

મનહર ૬૧.

ભરતખંડ ભોમીમાં, ભારતની કથાવાળા;
દેશને વીદેશ માંહે, ધંધાએ આવી અડયા.
ખરેખરિ ખુબી વડે, કથાઓ કરવાવાળા;
વલ્લભને લલ્લુભાઇ, જોતાં મને બે જડયા

ચોપડા છપાવવાથી, છત્તમાં જણાવા માટે;
વ્હોળ હાંકવું મુંકીને, પોથાંએ લઇ નડયા.
કહેછે દલસુખ એ, શીષ્યપણું કર્યાવિના;
હીંગનું પડીકુ, જોઇ, ગાંધી એ થઇ પડયા.

મનહર ૬૨.

અંજર ઊઠેકે ઝટ, જવાનું થાયેછે મંન;
પછી તેને રોકે કોઇ, પણ રેવાતું નથી.
જણુસ ભાવ લેઇને, જવાને રવાંને થાય;
રોકનારને જનારો, રહું કેવાતું નથી;
ઘણા દાડા શહેરની, સ્હેલ કરિ નાસે ઝટ.
જનારાને બીજે ગામ, પેલું શેવાતું નથી;
રટે વ્યાસ દલસુખ, મોતને કોઇ માગી લે;
પછી એને વિષ પાય, પણ પીવાતું નથી.

મનહર ૬૩.

લખ્યું છે લેલાટમાંહે, ભોગવતું તેને ભાઇ;
નિમિત નીમેલું જે, ફરે નહિ જગતમાં.
દેવને નમાવે શીશ, મનમાં રાખે ન રીસ;
ભૂલે નહિ જગદીશ, માનવો ભગતમાં.
હામ ઠામ દામ દેખી, છાકમાં છકે જ નહિ;
ખરો જ ખચીત્ત તેને, જાણવો વગતમાં.
દલસુખ વદે એમ, છુપે નહિ કર્મ કાંઇ;
ખરો નર ખરીરીતે, ખળે જ અગતમાં

મનહર ૬૪.

અરે અજ્ઞાની જીવ, ચેત્તજે ચતુર તુજ;

વિષયની વાસનાથી, સીદ ફુલી જાય છે;
મોંઘો છે મનુષ્ય દેહ, જાણુજે જરૂર તેહ;
પ્રભુતણા ગુણુ ગાવા, કેમ ભુલી જાય છે;
દેહનો ભરૂસો નથી, માનીલેને સરવથી;
એક દીન મરવાનું, નક્કી નીશ્ચ થાય છે;
રટે વ્યાસ દલસુખ, જગતની જુઠી બાજી;
એમાં શીદ રેછે રાજી; થવાનું તે થાય છે;

મનહર. ૬૫

અરે ઓ વિચારિ જોને, પરનારિમાં છે દુ:ખ;
ઠેકાણે ઠરીને કોઇ, જોતાં જડતો નથી;
વિર્ય થકી ખાલી થશે; બાપની આબરૂ જશે;
રાંડ તેની રઝળશે, કેશે મરતો નથી;
સગાં વાલાં સર્વે તેનાં, સાય થાય નહિ એનાં
બુમો પાડી બોલશે કે, કેમ ટળતો નથી;
રટે વ્યાસ દલસુખ, સાંભળોને સોખી જનો;
કાળના મોઢામાં આવે, કોઇ ખળતો નથી.

મનહર ૬૬.

બોલવું વિચારી વેણુ, શીખજે સારાં તું કેણુ;
ટાળજે વિકારિ નેણુ, નીયમ સારો કરી.
બુદ્ધિનો વધારો કર, પૂન્યમાં તું પ્રીત્ત ધર.
ગરીબનું દુ:ખ હર, ટેક મનમાં ધરિ;
દીનતાને દયા રાખ, કુંથલીને કાડી નાંખ.
સત્યનું વચન ભાંખ, નિતિને અનુસરિ.

કહે દલસુખ વ્યાસ, થઇ જા પ્રભુનો દાસ;
સઉ વાતે સૂધરિ જા, સત્ય સંગમાં ફરિ,

મનહર. ૬૭

રળી લેને રામ નામ, તૃષ્ના તારિ તું મુકી;
પ્રભુ નામ દેતામાં શું, પેટમાં પીડાયછે.
આંખમાં અંધારાં લાવી, માયામાં ફસાય પણ;
ગોવીંદને ઘેર તારો, ઘાટજ ઘડાયછે,
જવાની જોતામાં જશે, વિચારિ લેને શું થશે.
કરમ કરેજ એમ, તેમ તું ટીચાય છે;
રટે વ્યાસ દલસુખ, ઉડાડી દે ઊંઘ તારિ,
ગાઈ લેને ગીરધારી, જવાનું તે જાયછે;

મનહર. ૬૮

સમજ જીવ સારખા, બોલ સુંણી બોધ લેજે;
તારૂણીના તેજમાં તું, શીદને તણાય છે;
ચીંત્તની ચાલાખી કરી, પ્રેમદા પરાઇ તેની;
સુદરીનો સંગ કર્યે, ઇજત હણાય છે;
ભુંડી વસ્તુ ભાળીને તું, રાજી રાજી ખુશ થાય;
પણ તારૂં માપ જાય, જાંખો તું જણાય છે;
રટે વ્યાસ દલસુખ, ભક્તિ કરે ટળે દુઃખ;
વખત્ત વિચારી લેજે, વેળા વહી જાય છે;

છપ્પો.

લેને રૂડો લાભ, અવનીમાં શું લઇ જાવું;
ધર શાંમપર ભાવ, એથી તો સુખીયા થાવું;

રાખજે રૂડી રીત, પ્રિત પ્રભુપર ધરજે;
છોડીદે જંજાળ, ચીત્ત ચોખું તું કરજે;
રામ નામથી કૈક તર્યા, જુઠુ નથી તેતો જરા;
કહે દલસુખ સેવો સદા, ભાવ ધરિને હરિહરા;

ઈંદ્રપીજય છંદ ૩

નારિ ચરિત્ર કળી ન શકાય, ભરથરિ જેવાને ભુલાજ પાડયા;
અશ્વપાળને મન માન્યું મળવા. વિક્રમા દીત્યને વીદેશી કાઢ્યા;
વનીતા વખુટી પડે કે બગડે, શાંણી શીરોમણી ભણેલી નહિ;
દલસુખ કે છે સંગમાં સાથેજ, રાખે તો વીનતા રહે વિચારી;

મનહર. ૬૯

મારે માનીલેને મુર્ખા; મેલીદેને વરખાંજ;
અપતીયાં મારે સીદ, વીશયની વાતથી;
પરણીને પુરી રીતે, લેઇલે સંસારી લાવ;
દ્રડ મનમાં કરીને, વિચારી લે આપથી;
તું જાણે કે તેવડમાં, રેશે મારાં સૌઉ સગાં;
ભરૂશો રાખવો નહિ, પોતે સગા બાપથી;
કહે દલસુખરાંમ, નામ દેજે નારાયણ;
હવેથી વિચારિ ડગ, દેજે તારા માપથી;

મનહર. ૭૦

માનીલે ઓ મૂઢ નર, શાંમજીની સેવા કર;
સીદ્ધી સડક મેલી, ઊંઝટે સીદને ચડયો;
ધ્યાંન તેનું ધરવાજ, શુભ કામ કરવાજ;
દયાજ લાવીને તારી, મનુષ્યા દેહ ઘડયો;

બદલો તો સાંનો વાળે, પરાયાના જીવ બાળે;
માયામાં મનડું રાખે, હરિ હીંગે ના જડયો;
કહે દલસુખરાંમ, અકરમી ઊધું ચાલી;
પારસમણી મુકી, પથ્થરમાં મોહી પડયો;

મનહર. ૭૧

પુન્યવડે પાપ જાય, પુન્યવડે જશ થાય;
પુન્ય પરીવાર વધે, પુન્ય લાભ થાય છે;
પુન્યવડે પામે પુત્ર, પુન્યવડે ઘર સુત્ર;
પુન્યવડે લોક તેના, જસ ઘણા ગાય છે;
પુન્યવડે પીડા દૂર, પુન્યે સુખ ભરપુર;
પુન્યવડે પ્રભુજીની, પ્રિત્તીજ બંધાય છે;
કહે દલસુખરાંમ પ્રેમવડે પુન્ય કરે;
મુવા પછી માનવીએ, વૈકુંઠ જાય છે;

મનહર. ૭૨

હાથે કર્યું સાથે થશે, પછી લોક લુટી જશે;
કહેથી કરીલે હવે, તું તો તારા ભાવથી;
ભેગુ કરિ મરેમથી, મુવા પછી તારૂ નથી;
ખાઇ પી વાપરજે તુ, પરમાર્થ લાવથી;
સમો જોઇ દેજે દાન, વેદનાં વચન માન;
પુન્યમાં પોશરો રેજે, નીતી તણા દાવથી;
કહે દલસુખરાંમ, સંસારરૂપી સમુદ્રે;
નવકારૂપી રાંમ નામ, તરિજા નાવથી;

મનહર. ૭૩

પ્રેમરસ પીતો નથી, મધુંરસ મોહી રહ્યો;

ખોળીયાને વટાળી, ખરાબ ખુબ થાય છે;
વ્યસન વળગવાથી, રોગનાં અનેક ઘર;
કટેવો પડેલી કહો, તરત મુકાય છે;
લોકમાં નીધ્યાજ તારી, વ્યસન કરેથી થશે;
દાનત હરામ કરિ, ખાલી તું કુંટાય છે;
કહે દલસુખરાંમ, વ્યસનને દુર મુક;
શીખામણ સુણ લેને, જનમારો જાય છે;

મનહર. ૭૪

સાચુ સ્મરણ શ્રી હરિનું; મુકીને મુરખ તું;
ફારકાની માફક તું, ફર્યો જુદા ફંદમાં;
ધારણા ધારીને તુંતો, વીટાયો જન્જાળી જાળ;
લાંબી આશ ધારિને તું, પડયો ઘણી ગંદમાં;
ભ્રમણા મટી ના તારી, તેથી થયો તું ખુવારી;
લાલચે લપટાઇને, થયો મતિ મંદમાં;
કહે દલસુખરાંમ, મુકીદે વીશય કામ;
રાખ રાખ રાખ મન; જસોદાના નંદમાં

ભુજંગી છંદ.

સુણો સર્વ વીરા, ભજો શ્રી હરીને;
જાણો વાત સાચી, જાવું છે મરિને;
ખરી વાત માની, દીલમાંહી ધારો;
પ્રભુ ભજવા પ્રેમ, પુરો વધારો;
વળી સુતદારા, સગાં માત ભ્રાત;
જાણો આળપંપાળ, આવે ના સાથ;

જુદી જગ ગાજી, જાણીને વિચારો;
પ્રભુ ભજવા પ્રેમ, પુરો વધારો;
કોઇ આજ કાલ, મરે મોડું વેલું;
નક્કી નામનો નાસ, બ્રહ્માના પેલું;
હવે હઠ મેલી, સોધો સીદ્ધો આરો;
પ્રભુ ભજવા પ્રેમ, પુરો વધારો;
સૃષ્ટીમાં પ્રભુને, સોધી લ્યો હવે તો;
રાખો દીનતા દાન, દયા તમે તો;
કરો દીલ ચોખું, કાઢીને કુંધારો;
પ્રભુ ભજવા પ્રેમ, પુરો વધારો;
ખરા કામનું આ, ખોળી વેણુ કાઢયું;
પ્રભુ પેરણાથી, સોધીને દેખાડયુ;
કહે દલસુખ, કરોને સુધારો;
પ્રભુ ભજવા, પ્રેમ પુરો વધારો;

મનહર. ૭૫

બાળપણું બગાડયું ને, જવાંનીમાં જોયું નહિ;
પછી થયું વૃદ્ધપણું, તોયે તને સાન છે;
કાળા ફીટી ધોળા થયા, દોહલા દીવસ રહ્યા;
કાયા કરમાઇ તારી, તોય તને ભાન છે;
બ્હારતો નિકળ્યા બૈડા, ટેક તું રાખને ટેડા;
હવે તો હરિને ગા, નહિતો તું નાદાન છે;
દલસુખ કે દલથી, રાખ્યને ઉલટ સાથ;
ભજીલેને વિશ્વનાથ, તેમાં તારૂં માન છે,

મનહર. ૭૬

જોયુ ત્યારે ખોયુ અને, ખરયેથી ખરાબ થયા;
ધાર્યુ કામ થયા પછી, ઢેચસેથી ઢળીયા;
દુઃખ સુખ વિસામાની, વસમી વેમળી વાટ;
જાણીજોઇ ગયા તેથી, ગાતરથી ગળીયા;
બરોબર બુરા થયા, હોશ તો ઉડીજ ગયા;
તારૂંણીનુ તંન શેવે, કેડોમાંથી વળીયા
કહે દલસુખરાંમ, અનુભવ અતિ કીધો;
જગત મીથ્યા જાણીને, હરિસંગ ભળીયા;

માટે ભાઇઓ પ્રભુનું નામ એ સાચુ છે. અને આ કાયાનું કોટડું કાચું છે. માટે હરનીશ હરિને યાદ કરવા અને ભાવ રાખીને. ભક્તી કરવી. એ મોક્ષનો હેતું છે.

પ્રભુપ્રત્યે વ્યાસની વિનંતિ

મનહર. ૭૭

વાલાજી વિસારૂં નહિ, હરઘડી હુતો તેને;
અંત્તરમાં આપ મને, મતિ રૂડી આપજયો;
દીનતાને દયા મુકો, માફ કરો ભુલ્યો ચુકયો;
ક્રોધને કંકાસ મારો, દીલમાંહે કાપજયો;
ભક્તિને વૈરાગ આપો, વિકાર મનનો ટાળી;
સદગુણને શાંત્તી, શરિર વીશે થાપજયો;
કહે દલસુખરાંમ, વેગળા રેશોજ નહિ;
પ્રેમવડે પ્રીત કરી, ઘટ માંહે વાપજયો;

મનહર. ૭૮

ગોવીંદને ગાવા માટે, ચુક તને ચાલી આવે;
બ્રંહ્માનંદ ભજવાને, ભમરીયું થાય છે;
પ્રેમાનંદ પરખવા, ટાઢીયોજ તાવ આવે;
સાંમળીને શેવતાંજ, શું તારૂ જાય છે;
રાંમના રટણ સારૂ, કઠણજ કાંમ લાગે;
દોરી તારી તુટયા વિના, કાળ તને ખાય છે;
કહે દલસુખરાંમ, કેને હવે રાંમ નાંમ
માથા માર ખવડાવે, તોયે તેને ચાય છે;

મનહર. ૭૯

બે ઘડીના સુખ સારૂ, દુઃખ દેખી તું લેનો;
જાણીજોઇ ઝંપલાય, માટે તારો વાંક છે;
હરામી હારે છે તોયે, ત્યાંને ત્યાંજ તુંજ જાય;
ભૂત ભમરાર માંન્ય, હવે આડો આંક છે;
વિશયની વાતને તું, છોડી દેને છીંનકીના;
જનમારો જારી રમે, સુખ જોને કાંક છે;
નથી તોય નફ્ટ તું, વળગી રહ્યોજ તેને;
દલસુખ દેખી કે છે, આંખે તને ઝાંખ છે;

મનુષ્યની પત્યે કુંચાપાણી થયેલું અંન કહેછે. સાંભળ

મનહર. ૮૦

પેટ તેં પોતાનું ભર્યું, ખાધા પછી ખાલી કર્યું;
સંગ તારો કરવાથી, દશા આવી થઇ છે;
તેવી રીતે કુંસગીની, શુભ જો સોબત કરે;

પાછળ પસ્તાઇ મરે, જાંણે થયો ક્ષઇ છે;
આપણુમાં દાટ વળે, જરૂર જુતીયાં પડે;
કોક દીન ખુબ રડે, ભુડા હાલે ભઇ છે;
કહે દલસુખરામ, ખરિ ખાતરીથી કહું;
તેથી મને એનાપર પ્રિતી ઉઠી ગઇ છે;

મનહર. ૮૧ પરિપુર્ણનો.

પ્રભુની કૃપાજવડે, ગ્રંથ રચી પુરો કર્યો;
ભુલ ચુક સુધારીને, સીધો બોધ ઝાલજ્યો;
ધર્મનોજ ટેક રાખી, વીકારીને ટાળી નાંખી;
કપટને કાડી નાંખી. નિતિસર ચાલજ્યો;
રાખવી હૈયેજ હાંમ, ભજી લેજ્યો રાંમ રાંમ;
પરવૃત્તિ જાય તેને, ઝટ દેઇ વારજ્યો;
કહે દલસુખ રાંમ, જન્મ મરણુ ટાળવા;
હૈયામાં હરખ લાવી, હામ એમાં ઘાલજ્યો;

દલપતનો હું દાકરા, ઝર ; કામ;
ગાંમ મોડાસા હું રહું, દલસુખ મારૂ નામ;
જીલ્લો અમદાવાદ છે, તાલુકો પ્રાંતીજ;
અડક છે જોશી તણી, ખરી કહી ખાત્રીજ;
અગસ્ત ગોત્ર મારૂં, ત્રી પરવર કહેવાય;
સોનીવાડામાં ઠામ છે, માધ્યની શાખાય;
મોશાળ મારૂ માલપુર, માંમો પુરસોતમ;
પુજા કરે દરબારમાં દેવીની ઉત્તંમ;



પુસ્તક મળવાનું ઠેકાણું.

હાલમાં અમદાવાદ રાયપુર જીલ્લે પખાલીની પોળમાં વ્યાસ પુરૂષોત્તમ સુરજરામના ઘેર વ્યાસ દલસુખરામ દલપતરામ પાસેથી રોકડી કીંમતે મળશે.